श्री गणेशाय नमः

(રાજનગર વાસી.)

श्री महालक्ष्मी वाघेश्वरी स्तवन.



આરાધો આરાસુરી, છે ભવસાગર ઝાઝ.
લક્ષ્મી સાચી સિદ્ધિદા, કરે મનવાંછિત કાજ,

લખનાર,


પુરશોતમ ગોકળદાસ મહેતા.

અમદાવાદ.—સારંગપુર લીમડાશેરી.

અમદાવાદ—શ્રી "મુદ્રણકળામંદિર" લિમિટેડ, ખાડિયા.

કીંમત ૦—૧—૦

વિશોયંત્ર.



અર્પણપત્રિકા.

રાજ્યમાન, રાજેશ્રી મોહોલાલ ખુશાલદાસ સોની.

અમદાવાદ.

સુરબી સાહેબ—

सत्यं नास्ति भयं किंचित् એ આપનું જીવનસુત્ર છે. વળી કાર્ય વ્યવહારમાં **सिद्ध सिद्धं** અર્થાત. કીધું તે કામ અને વીધ્યું તે મોતી એમ સમજી આપે આ શુભ કામનો આરંભ કરી, તે, નીરવીઘ્ને પાર પાડવા હીમત ધરી છે. તે શ્રી જગદંબા પુરી કરો અને આપના દ્વી પુત્ર. રણછોડભાઇ તથા નરોતમદાસની જોડ અમર રાખો. એવી માતાજીની સ્તુતી કરી. આ મહાલક્ષ્મી સ્તવન. આપના શુભ હસ્તકમળમાં પ્રેમભાવથી અર્પણ કરૂંછું તે કૃપા કરી સ્વીકારશો.

રાજનગર દ્વીતીય શ્રાવણ. }
શુકલપક્ષ. ષષ્ટિ. ભોમવાર. } ઉપકારી.

કર્ત્તા.

શ્રી મહાલક્ષ્મી-વાઘેશ્વરી સ્તવન.

અથસ્તુતી પ્રારંભ.

સાર્દુલ-વિક્રિડીત.

ગણુનાયક ગંભીર ગુણજ્ઞાતા, ગીરી સુતા તનયને
વિનતું ધ્વીહસ્તે લળી શરણમાં, સાહી રૂડા વીનયને
આપો સુમતી, પ્રીત અંતર ધરી, પદબંધની યોગ્યતા
પામુ અલ્પમતી પદાર્વિંદે, માગુ પડી પ્રસંન્નતા
કુશળ કાવ્યન કેળવી, કવિ બન્યો અજ્ઞાન, હું બાળછું
ટાળક, દ્વંદ, દુઃખાદી પાલક બની, ઉપાધીને ટાળ તું.
મંમાયા માયિક આ મનુષ્યને, મહાલક્ષ્મી, તું તારજે
સદ્‌બુદ્ધિ સુવિચાર સંપન્ન કરી, ત્રયતાપ નીવારજે
છો આદી અનંત અંત જનની, ટાલક સૌ શોકના
લાડયો લાડ અનાદીકાલ શર્ણે, રહી માવડી મોહમાં

(રાગ. પાટણના નૃપ નથી તુજ મેહેલે)

ત્રિસુળધારી માત, ચાચરે શોભે સુખકારી—
ત્રિગુણથી, મા દેહધારી, ધર્મ પ્રતીપાલન કરનારી.
ત્રિગુણ મયિ માયા વીસ્તારી,
છતાં દાસને, દુઃખજ ભારી—
સુખ કરવા સોનીમા, જનને કરને તૈયારી— ત્રિસુળ ધારી.
લક્ષ્મી મા, શોભે રસરાતી, વાઘેશ્વરી દેખું મદમાતી.

આરાસુર અંબા છલકાતી,
ચુંવાળ બહુચર છે પ્રખ્યાતી—
વાઘ વાહની માત, આપ્યને મોક્ષ તણી બારી— ત્રિસુળ ધારી.
સુવરણાં પુષ્પ ગુચ્છ લ્હેકે. સુગંધી દશ દિસ બ્હેકે.
ચરચ્યુ તન ચંદનથી મ્હેકે.
ખાનપાન ફળ શણગારી—
થાળ ભરી પરસોતમ ઉભો લેજે સ્વીકારી-ત્રિશુળ ધારી.

રાગ. પુનમ ચાંદની ખીલી પુરી અહીંરે.)
સમરો સ્નેહેથી માહાલક્ષ્મી મનમાં ધરીરે.
જેને સમર્યાથી પાતક પ્રલ્હે, થાય—
એવી આનંદી અઘનાશક, લક્ષ્મી માત છે રે.
ભાવે ભવાનીના ભજનને, આદરોરે.
એ છે મંગળ કારી, દુઃખ હરમાત કૃપાળ.
એવી આનંદી અઘનાશક લક્ષ્મી માત છે રે. સમરો.

સાખી.

નામ અલૌકીક માતનું, સુંદર સુખનું મુળ.
મંગળ મય મન હર અતી, જે છેદક ભવસુળ.
જાણી જીભેથી રટણ, નીત્યે કરો રે.
ટીળી દુર્દૈવો, દેશે સુખનું ધામ
આપે પ્રેમેથી અક્ષય, સુખ સાથનેરે. સમરો.

સાખી.

સ્મરણ માત્રમાં સેહેલથી, અમિત જન્મનાં પાપ
તજી, પરમપદ પામીને, થાય કૃતાર્થ જન આપ.

માટે પ્રીતેથી વંદોને વાઘેશ્વરીરે,
જે છે જગદંબા, આરાસુરની આઇ.
પોતે ભક્તોનાં, ઇચ્છિત પુરણ કામ છે રે. સમરો,

સાખી.

મન વાચા કરમે કરી, ભજવી માત કૃપાલ.
કરી મોહ મમતા પરી, આણી અંતર વ્હાલ.
રાખો હૈયામાં રૂડેરી એ ટેકનેરે.
તરવા ગરવા. ગરવા કડવા, ભવના કલેશ.
હોંસે હોંસે નીત્યે પરસોતમ, પાયે નમેરે. સમરો.

રાગ. કલ્યાણ.

હેમાત લક્ષ્મીમા, દુઃખ ભંજની સદા, વાઘેશ્વરી પવીત્ર તીર્થે શોભતી તદા.

ચાચર વાળી, પેહેરી સાડી, કીધી સુંદર આડ,
ચમ્મર લઇ તુજ સેવામાં રહું, સુખ આપી દુઃખ કાઢ. હેમાત.
કાને કુંડળ નાકે વાળી, મંડપ, આરસ કાચ,
રંગ રંગનાં ચીત્ર બનાવ્યાં, લાવી સગળો સાજ. હેમાત.
દીન દયાળી, સેવક પાળી, ગુણ નિધી માત કૃપાળ,
રાજનગર સોની મંડળને, શેવામાં સંભાળ. હેમાત.
જળ હળ જ્યોત પ્રકાશે તારી. ત્રીસુળ ભાલો પાસ.
ચરણ કમલમાં રાખો માજી કહે પરસોતમ દાસ. હેમાત.

રાગ. આવો આવોને શીખીઓ આજ ભરતજ ભરવાને)
મારાં પ્રાશ્ચિત બાળો માત, જય જય જય લક્ષ્મી.
નમિ નમિને લાગુ પાય, જય જય જય લક્ષ્મી.

રાજનગર રાયપુર બીરાજ્યાં, ભજુ ઉમંગે આજરે.
૭ ૫ ૮ ૧
ઋષિ ભુત નાગ શશિ, સાલમાં દ્વિતિય શ્રાવણ માસ, જય જય.
સુકલ અષ્ટમી ગુરૂ બીરાજ્યાં, દુઃખ હરણ સુખ સાજરે
પ્રીત થકી પ્રણમુ કરજોડી, રાખો હમારી લાજ. જય જય.
ધ્યાન ધરૂમા, પ્રીતે તમારૂ, તું મમ પાલન હારરે.
વીઘ્ન વીડારી કર સુખ કારી, વીશ્વ તણી કીરતાર. જય જય.
આશ મને મા. એક તમારી, સેવક કહે, વારંવારરે
પરસોતમ ભવતાર ભવાની, દીન તણી દાતાર, જય જય.

(ત્રીતાળી ખ્યાલ.)

રાયપુરમાં માતા લક્ષ્મી, ઉત્તર ગોખે બીરાજે.
હાથ જોડીને શીશ નમાવું તું મુજ શીર છતરછાજે
સોની મંડળ કુળ દેવી હો, સેવક જનની તું દાતા.
બેઠી સિંહાસન તું અલબેલી હરનિશ ત્હારા ગુણગાતા.
એક ચીતથી તને આરાધુ, તવદરશણથી દુઃખ જાતા.
સત્યવદુ સુખ કર હો મૈયા, જકત જનુની જુગદાતા.
જય જય જય જય લક્ષ્મી વંદુ, પ્રસન થઇ કરજે કાજે. હાથ.
સજી શ્રૃગાર, બેઠી જનેતા, હવે કહું મુખ વીસ્તારી,
કડાં સાંકળાં, બાંહે બાજુબંધ, વેઢ વીટી ચળકે ભારી.
શોભે પાટીયાં ચીજ પટ્ટી મા, મોતનમાળા ઉર ધારી.
નાકે બેસર, કાને કુંડળ—ઝળકે જેમ વિજળી સારી.
ધન ધન ધન તું લક્ષ્મી માતા, રાજનગરમાં બીરાજે. હાથ.
પગમાં પાયલ શોભે તમારા, છલ્લા નાદ કરતે સારે.
ધન ધન ધન ધન ઘુઘરૂ વાગે, અણુવટ વીંછવા છે ન્યારે,

છુટી લટ તારી શોભે માજી, કમર પટો નકસી દારે.
ભાળે આડ કેશરની કીધી, નેંનન મેં કાજળ સારે.
જરકસી સાડી શોભે તમારી, ધંન ઘડી દીન મા, આજે, હાથ.
અતી અત્તર, ખુશબો લ્યો માજી, ખીલ્યાં ફુલ અપરંપારે
પુજા થાળ ગ્રહી દાસ, બલાખી, આવી ઉભો તુજ દ્વારે
મન વાંચ્છીત પુરણ, સુખ આપી, પુત્ર વેલને વીસ્તારે
દીન દીન ચડતિ આપ્ય ભવાની, પરશોતમ શું ઉચ્ચારે
દરશન આપો, ભવ દુઃખ કાપો, ટેક રાખો મૈયા આજે. હાથ.

રાગ. તું કામણ કરી ક્યાં જાય નંદના લેહેરી.
મનધરી આનંદે સમરૂ લક્ષ્મી માડી.
છો જુગ જુગમાં વીખ્યાત માત, બીરદાળી, ટેક.
મા નમું તમારે પાય, છો ખપ્પર ધારી, છો ખપ્પર ધારી,
આભુષણ અંગે ધર્યા કહુ વીસ્તારી—
શીર મુગટ, કરે ચમકાર, કલગી છે ન્યારી, કલગી છે ન્યારી.
કાને કુંડળ મકસાર, રહ્યાં ચમકારી,
દામણી' ટીલડી, નથની નાકે વાળી. છો જુગ જુગ.
નવસેરો ગળામાં હાર, હીરા બહુ ચળકે, હીરા બહુ ચળકે,
ગલુ બંધ, પાટીયાં વેઢ વીંટીઓ ઝલકે
કર ઘુઘરીઆળો, કંકણ ચુડો ધમકે, મા ચુડો ધમકે
પગમાં છે ટોડા બીછવા, ઠન ઠન ઠમકે
બાંધ્યાં બાજુબંધને પાંચી, મા, મતબાલી. છો જુગ.
બાલે બાલે પોરવ્યાં મોતી, જાઉં મા વારી, જાઉં મા વારી,
પેહેરી નવરંગીતે સાડી માત, બલિહારી.

કરો કરૂણા લક્ષ્મી માત, જગત આધારો, જગત આ ધારો.
નમી કે, પરશોતમદાસ આશ છે ભારી.
દે સુખ આ, સોની જનને, દુઃખડાં ટાળી. છો જુમ જુગમાં.

કરમના લખ્યા લેખ નવ ટળે, મિત્ર મન મીથ્યા શું ટળવળે
સ્થીર મનના ૠષિ મુની–તપધ્યાની, હોય તે ચળે.
પત્થર લોહના મેહેલ બનાવો, તે ભડ–ભડકે બળે. કરમના.
અખુટ ધનના ભર્યાં ખજાના, ખાલી થાય એક પળે,
કંઇક વર્ષના હોય વિયોગી, ક્ષણું માત્રમાં મળે. કરમના.
આમ કરીને તેમ કરીને, કમાઉ નાણાં કળે
એવાં ફોગટ ફાંફાં મારે, કશુ નવ તેમાં વળે. કરમના.
ઉંચ કોમનો જંન, હોય તે, નીચ કોમમાં ભળે,
લક્ષ્મી માતા પ્રસંન્ન, થાય તો બોલ બોલતાં ફળે. કરમના.
પરશોતમનું કહ્યું માનશે, અખુટ તે ધન રળે,
દેવ દેવીને શેવી નહીં તો, વલખાં મારી મરે. કરમના.

વનજારો.

આ જુઠી જગતની સગાઇ, સાચી છે લક્ષ્મી માઇ
રટું વાઘેશ્વરી એક ચિત્તે, કરૂં સમરણ તારૂં પ્રીતેજી.
તું કરજે સદા સુખદાઇ, સાચી છે લક્ષ્મી માઇ
તેં અનેક ભકતને તાર્યા, દૈત્યો, મારી દેવો ઉગાર્યાજી
રોળ્યા રાક્ષસ રણની માંહી. સાચી છે.
કીધાં ભકત જનોનાં કાજે, કોઇની રાખી યુધ્ધે લાજેરે.
કરી ટંકાર રણમાં ધાઇ. સાચી છે.

પડછો આપી ઉમંગ વધાર્યો, સૌની સેવક મનમાં ધાર્યોરે,
ઘેર ઘેર પધારી આઇ, સાચિ છે;
ન્યાતે વીચાર કરીઓ પાકો, સઉ વહેમજ તોડી નાંખોરે;
પધરાવો જગતની રાઇ, સાચિ છે.
ગાંડો ઘેલો હું શેવક ત્હારો, પરસોતમને પાર ઉતારોરે;
નમું ચરણ કમળની માંહી, સાચિ છે.

રાગ. વીરા વેશ્યાના યારી.

જય અશરણ શરણી, ભવ ભયે હરણી, ત્રિપુરા લક્ષ્મી માત,
તુંહી તારન તરની, પાલન કરની, ભવ ભય હરની. ત્રીપુરા
અમઇંદ્ર જોગીન્દ્ર, મુનીન્દ્ર, રટણ કરે દીન રાત,
તુજ વીણ નહીં કો અવનીમાં, ધન્ય ધન્ય મોરી માતરે;
જય અભરન ભરની, ઉજવલ બરની, ભવ ભય હરની. ત્રીપુરા.
હું અપરાધી પામર પ્રાણી, શરણે આવ્યો આજ
વીધ્ન વીડારો, પરસોતમનાં પુર્ણ કરોને કાજરે;
જય અમૃત ઝરની, કર શીર ધરની, ભવ ભય હરની. ત્રીપુરા.

રાગ. રામલક્ષ્મણ વંન સિધાવતાં.

સ્વસ્તી રાજનગર રૂડુ શોભિતુ —
રાયપુરમાં છે લક્ષ્મી અનુપ, અખંડીનું રૂપ. પત્ર લખુ પ્રેમથી;
તારી સત્તા સબળી, સગળે ભણું, માને દેવ સકળ સુર ભુપ;
સુંદરતારૂ રૂપ. પત્ર લખુ૦
પુજ્યારાધે પરમ પદ ઇશ્વરી, ઉપમા છે શુભ સરવે સુજાણ;
કહું નીરવાણ. પત્ર લખુ૦
કરૂં વિનંતી કૃપાળી કૃપા કરો, આવે દાસ ધરી બહુ નેહ;
માજી ન દેશો છેહ. પત્ર લખુ૦
નીરખ્યું વદન કમળ મેં તો જ્યારથી, લીધું ત્યારથી ચોરીને ચીત;

આવું હું લો નીત. પત્ર લખુ૦
હું તો બેઠો વાઘેશ્વરી આશરે, લક્ષ્મી માતા કરો મુજ કામ;
જપુ તુજ નામ. પત્ર લખુ૦
ચીત નથી સગાં કે સંસારમાં, ઉર ભાવે ન ભોગ કે જોગ;
સાલે છે વીગોગ. પત્ર લખુ૦
શ્રી સોની મંડળ લાજ રાખજો, અપરાધની આપો ક્ષમાય.
પરસોતમ સ્હાય. પત્ર લખુ૦

ગીતિ.

આજ સમારંભ જામ્યો, રાયપુરમાં મહાલક્ષ્મીની પોળે
નૌત્તમ નવ ચંડીના, ધ્વની કરે છે બ્રહ્મ ભળી ટોળે
સ્થાપન જગદંબાનું, સેવ્ય જનો સોનારોએ ધાર્યું,
કરવા મન ઉલ્હારો. ધ્વજા પતાકાએ પુર, શણગાર્યું,

રાગ. થયા છોરે, પતી તેજ પ્યારી તનના—
શું આજે ઉલ્હાસી ભાસી, દીવાળીનો દીન,
પતરાવ્યા પંડીત પ્રસીદ્ધા, પ્રેમે પુર્ણ પ્રવિણ.
શાસ્ત્ર તણે અનુંસારે ચાલે, વેદ ધ્વીનીની ધુન.
ચતુર કુશળ કારીગર પ્રેરી, મધ્યે કીધો કુંડ.
નવરંગી ત્રિભંગી. અનટંકી, છે જંગી,
ઝાળે ઝાળ કરાળ અગ્નિની, પોચે રવિને દીશ— શું આજે
નૌતમ આ નવ ચંડી રચીશું, શોભા વર્ણન થાય,
ગતી, મતી,રતી, કૃતી, કળી ન શકે ત્યાં, અનુપમ મુખ બોલાય
બલિહારી, રંગી ભારી, ચિત્રકારી, શોભા ન્યારી,
ગાડી મંત્ર ઉચ્ચારણ કારણ, બ્રહ્મ ભગાયેલીન

સેવ્ય જનો સોનારો સૌભાવે, લાવે આને લ્હાંય .
નાહી ધોઈ બની, સ્વચ્છ હૃદયમાં આનંદે ઉભરાય;
પુરશોત્તમ કહે, છોટમ વર્ણું, કઇ પેરે મતી હીણુ- શું આજે

કટાવ.

રાગ. સમારંભ નૌત આ ભાળ્યો.

સમારંભ આ નવચંદીનો, પુર્ણ થતામાં, વિવિધ વિલાસી, વરઘોડાની ચાલી ખાસી; અતી ઉલ્હાસી, દોડ ધામ જબરી ત્યાં ચાલી,

જય જગદંબે, પતીત પાવની, પુર્ણ મહેરથી, આજ લહેરથી વરઘોડાની શોભા સારી, કરી તૈયારી ન્યારી ન્યારી, ચડી સવારી, મમતે માલી, કરે ખીસાં ખાલી, એક એકથી વધુ શણગારી, મોજીલાં બાળોને ઝાલી, ઘોડાપર દેછે બેસાડી,

સોનારોના સુવર્ણ ઉછળ્યા, કહોમણા શી, કડા કંઠીઓ, વેઢ વીંટીઓ, કંદોરા કેડે લટકાવી, મનહરમાળા મોતી કેરી, અમુલ્ય કીમતી નંગ મુકીને, ગળે ઝુકીને. એક ઉપર છે એક ખડકીયા, વીશાળ છાતીપર છે અડપીઆ, હીરામોતી હીમ ઝળકીયાં—

પુત્ર પુત્રિઓ, પુર સણગારી, હસમુખે ચોંદરે નરનારી, વસ્ત્રાલંકારો ધારીને, ધુમ ધામથી, પુર હામથી, દેવીને દ્વારે દીપાવે, માતું ભાવથી અંતર, હુલસી, હુલસી આવે, જોબન કેરા મદથી ઉન્મત, સોનરોની શાણી નારી, સજી સજાવી, કુવારીકાઓ, વરઘોડાની કરે તૈયારી, ભરાયું, સ્રીમંડળ ભારી, ગીત ગાયે મન ગમતા પ્રેમે, વર્ણન કર્યું ન જાયે કેમે,—

સુણ્યું આજ મહંમાયા માતુ, મહેશ્વરી માહાલક્ષ્મી કેરૂ, સ્થાપન થાયે, ઉર હરખાયે, સોની માહાજન, નવચંડીના, નીપુણરસોમાં ન્યાલ થઇ આનંદે ડોલે, જય માતુ જય માતુ બોલે—

પુર્ણ થઇ નવ ચંડીપેરે, વધાઇ વધાઇ, ઘેરઘેરે, મંમાયાની મેહેર થકી આજે સૌ ભાસે લીલા લ્હેરે, હવે જુઓ, વરઘોડો એસી, જગદંબાની શોભા કેસી,

ગડગડીઆ નિસાન ધડડધડ, ધ્વજાપતાકા ઉડે ફડડફડ, લાલ લીલી કસબી કીનારી, પીળી પચરંગી, પટકારી, જળહળ જળહળ ઝમ કે ભારી, ડંકા વાગે, નોબત બાજે, અશ્વ સવારો દીલ, થકી ડોલીને રાચે—

માજન મન મલકાઇ ભાઇ, બગીઓ લાવ્યા બે ઘોડાની, અત્યુત્તમ જબરા જોડાની, એક, બે, બની, ચાર, આઠ ચારઠો માંહી, બાળક સુંદર બેઠા સોહી, પ્રેમદાઓ ત્યાં પુર્ણ પ્રેમથી, કેડથકી બાળકને ઉચકી, ઉંચા કરોને બગીમાં ધાલે, ફુલતણી છડીઓ ફરી આપે,

ઘોડાના ત્યાં જોડ બંધ શણગારેલા, સાબેલા, આવ્યા, રજપુત વેશે, સજકે, શેશે, અનુપમ મસ્તક, પાઘ સમારી, કસકસનો જામો ઉરધારી, સુંવાળો સુરવાળ ચડાવી, તરવારો તીખી લટકાવી, રેશ્મબંધ છાતીને કાડી. બેઠા સુંદર અશ્વ પલાણી,

તેજદાર તેજી ઘોડાને, કમાનની સમાન, કુદાવી, પગતણી એડીઓ મારી, ખુબ નચાવી, ખુખારતા, ખટકે ખટકાવી ને અટકાવી, હારબંધ થોડો દોડાવી, હાથ થાબડી દે સાબાસી, સુર્યવંશી સંગ્રામે જાતા, સુરાઓના પુર પ્રમાણે, મુછતણી આંકડીઓ વાળે, પાન કપુરી બીડી ચાવે અરસપરસમાં મુખ મલકાવે,

શિશુવયના, સાબેલા, સોનારોના મંમાયાના, વરઘોડામાં શણુગારાઇ ઘોડે બેઠા, ધીમે ધીમે ઘાટ કરંતાં, છેટા છેટા, ઉલ્હાસે ત્યાં સેવ્ય જનો ઉત્સાહ ધરીને, ઝાંઝ પખાજ સાજસહીને,

જંગંદ બેની ધુન કરીને, તાન માનથી ઢોલ વગડી, સરણાઇ-

એના સાદજ કાડી, મંડળ મુખથી, માડી, માડી, કહી કુદેછે, માહા-લક્ષ્મીનું સ્તવન કરે છે, એક રસેથી, ભક્તી સુધારસ, પાન કરે છે.—

જ્યોત જાગતી, જગદંબા, રથપર બીરાજી, ગોળ ઘુમટ આ-કારે સોહે, કંદર્પ કોટી મન ત્યાં મોહે, વિશ્વ પ્રકાસી, મધ્ય માંહી, છબી સિંહવાહની, સુંદીર શોળુ અંગ ધરી, શણુગાર કરી, આભુ-ષણુ અગણીત સજી, હજી રતી, કૃતી ઘડી મતી સ્થંભાવી, કાવ્ય કળા કલ્પના કળાવી, સેશ મહેષ વાણી વર્ણાવી, અશકય સમજ્ઞુ, અંતરમાંહી, જય ત્રીપુરારી, ચંડ મુંડ વીદારી મારી, ભકતજનોને લે સંભાળી, જય માહાલક્ષ્મી, જય બીરદાળી, ટેક નીભાવણુ કારણુ માડી—

ધ્વજા પતાકા, ચોપાસેથી, તોરણો તરતાં લટકાવી, પુષ્પહાર આચ્છાન કરેલી સારી, ભવ્યમુર્તી આનંદી ભાળી, ચકીત થયું ચીત ન્યાળી ન્યાળી, જાઉ વારી, હું બલીહારી, જગત જનુની, આઘ અંતનું કારણુ. મારણુ મુળ શુળ તું પાપ નિવારણુ, તારણુ ધારણુ ધરા તણો અવશેષ ભાર, વાર મા; જય જય મહાલક્ષ્મી જયકાર.

નવલન નવોઢા, નૌતમ રંગી, ચીર સજીને, હીમ હાર કંઠે આરોપી, હસ્તીદંતને હીમથી ઓપી, કનક તણી કલઇની જોડી, ઝાંઝર ઝમકે, નેપુર ઠણુકે, મળકાતી, માનુની મોભે, ગજગામીની ચાલે ચાલે, મુનીજન મન પણ, પળ પળ થોભે—

મગરમસ્ત, મદમસ્ત બની, પુર જોબન કેરા, બાહાર થકી, ઉન્મત થઇને, મલકાતી માનુની ચાલે, હળવે હળવે હેતે હાલે, ગુણીયલ ગોરી ગુમાન ધારી, ભર રસ્તામાં હાર પસારી, રથ પુઠળ આ દીવ્ય તેજ, ઝળકયું ઝમકારી.

કળસ મસ્તકે ધરી છટાથી, શણુગારી ઇંદ્રાણી ચાલી, ધીરે ધીરે, ધંન ઘડીઆં, દીન પલક શ્રી, માતાજીના પદાર્વીદે, ભક્તી

મારગ સુચવ્યો સારો, વાહ વાહ શુરવીર સોનારો.

ન્યાળી ન્યાળી છોટમ ઉચરે, પુરસોતમ ભાઇ ક્યાં વીચરે, વરસોડો જેણે નવ ભાળ્યો, મનુષ્ય તણો અવતારજ બાળ્યો, વૃથા જન્મ અવનીમાં ગાળ્યો.

માતાજીની મેહેર થકી, મહાલક્ષ્મી કેરૂં, સ્તવન કરી, પદ્યબંધ રચી હું ભુલ ચુકની માફી માગું, માવડી તારે પાયે લાગું.

આરતી.

જય લક્ષ્મી, જય લક્ષ્મી, જય મંગળકારી મા જય મંગળકારી
ત્રિવીધ તાપ નીવારક, જય ભવ ભય હારી. જય.
કલેશાન્વિત વપુ ધારી, જનને સુખ કરતાં, મા જનને—
અગ્ન તૃણ દાહક વન્હી, માતા મન ધરતાં—જય.
નાના રૂપ નીયંતા, માતુ બહુ નામી—મા, માતુ બહુનામી
ઘટ ઘટ વ્યાપક લક્ષ્મી, સર્વાંતર યામી. જય—
રૂપ અકળ અદભુત આ, તારૂં વેદ વખાણે—મા તારૂં.
માયા મોહ ભરેલાં. માનવી શું જાણે. જય—
આ દુસ્તર મોહાબ્ધિ તારક, અન્ય નથી મા તારક.
તવ ચરણામ્બુજ નૌકા, બીજી શી કથવી. જય—
તુ જ્ઞાનાબ્ધિ દેવી, હું ક્યાં મુઢ મતી, મા હું ક્યાં—
કર્મા કર્મ ન જાણું, શી ભક્તિ યુક્તિ—જય.
શ્રીવર માત સલુણી, ભવસાગર તારો મા ભવ સાગર તારો
પુરસોતમ શરણાંગત. છું ઝટ ઉદ્ધારો. જય—

પુસ્તક રચવામાં અગાઉથી આશ્રય આપનાર ગૃહસ્થો.

રા. સોની મોહોલાલ ખુશાલ. રા. સોની, પ્રેમચંદ છોટાલાલ.
રા સોની ઇશ્વરભાઇ પાનાચંદ. રા. સોની અમૃતલાલ અમથાસા.
રા. સોની. ઝવેરસા ગોકળદાસ. રા. સોની, મોતીસા. દોલાસા.
રા. સોની. મોતીસા ગગલભાઇ રા. સોની, બાપાલાલ ભુધરભાઇ.
રા. સોની. કુબેરદાસ હીરાચંદ. રા. સોની. બલાખીદાસ મોરલીધર.
રા. સોની. ત્રીભોવનદાસ ચુનીલાલ. રા. સોની. ઝવેરસા તારાચંદ.
રા. સોની. ચુનીલાલ મગનલાલ. રા. સોની. મોહનલાલ મનસુખભાઇ.
રા. મનસુખભાઇ કીસનદાસ. રા. સોની ચુનીલાલ રણછોડભાઇ.
રા. સોની. મોહનલાલ ગટાસા. રા. સોની. બલાખીદાસ બાપાલાલ.
રા. સોની. ઓડાભાઇ ગટાશા. રા. સોની. નાથાભાઇ પીતાંબરદાસ.
રા. સોની. મેઠાલાલ છોટાલાલ. રા. સોની. હરીલાલ ગગલદાસ.
રા. સોની. કેશવલાલ છોટાલાલ. રા. સોની. પીતાંબર જમનાંદાસ.
રા. સોની. છોટાલાલ માધવદાસ. રા. સોની. મોહનલાલ જેઠાભાઇ.

સોની ગણપત છગન (ધોળકાવાળા)

સાહેબો. આપે આવા માહાભારથ કામમાં આગળ પગલું ભરી મને જે લાભ આપ્યો છે તેના માટે હું આપનો ઉપકાર માનું છુ.

લી. કર્ત્તા.

☞ જાહેર ખબર. ☜

શાહપુર વાંચન ગૃહ.

સદહું વાંચન ગૃહ એક યુવાન અન્ડર ગ્રેજ્યુએટને હાથે ખુલ્લું મુકવામાં આવ્યું છે અને તેમાં ટુંક મુદતમાં સારા મેમ્બરો લાભ લેતા થયા છે. લવાજમ માત્ર માસિક એક આનો છે.

વિદ્યોન્નતિ અર્થે પ્રયાસ કરનારા આ યુવાન મંડળ તરફથી વ્યવસ્થિત થતા ગૃહને પુસ્તકાદિ યોગ્ય આશ્રયઆપવા સપ્રેમ વિજ્ઞપ્તિ છે.

શ્રી "શાહપુર વાંચનગૃહ"

અમદાવાદ.

નીતિ દર્શન.

નીરૂધમાને ધંધે લગાડનાર, માર્ગ ગૃહણીને ધ્રુર કામનો । કુંભારને કામ કરવાનો રસ્તો, વેહેપારને ઉત્તેજન આપનાર નોકરને રસ્તો દેખાડનાર હીરો, શોખીનને મોજ માણવાનું સ્થળ વિદ્યાર્થીઓને ઉપયોગ લેવા લાયક જવાહીર, ફક્ત આ નીતિ દર્શ છે, કર્તાની કરૂણા મેળવી આ લોકમાં અને પરલોકમાં સુખી થ ઇચ્છા હોય તો આ નીતિ દર્શનની જરૂર ભેટ લ્યો. દરેક પુરૂષોએ ખાસ ઘરમાં રાખવા લાયક અને પ્રત્યેક કામ કરતાં ડ વાંચવાની ખાહેશ બતાવનાર આ સુંદર પુસ્તક ખરીદો. ફક્ત સેવા બજાવવાની ખાતર, અરધા આનાની દશ ટીકીટો મોકલનારને દશ પુસ્તક મોકલી આપીશું. એક ટીકીટથી એક મોકલી શકીશું નહી. નોટપેડ પત્ર લેતા નથી. લખનાર,

પુરશોતમ ગોકળદાસ મહેતા.

અમદાવાદ સારંગપુર લીમડાશેરી.

તપોધન તત્વ તરૂણ ચંદ્ર.

અથવા.

(શિવ ઉપાસિક સુતોની ખટ રત્ન માળા.)

તપોધનની જ્ઞાતિના દરેક સ્ત્રી પુરૂષને ખાસ ઘરમા રાખવા લાયક અને વાંચવાની ખાહેશ બતાવનાર, આ પુસ્તક છે. નકામુ લાંબુ ટાહેલુ કરી સુજ્ઞ જનોને તસ્દી આપી વખત રોકવા માગતો નથી. માત્ર જ્ઞાતીના ઘણા કુધારા મારી નજરે પડવાથી તે સુધારવા કોશેસ કરી છે તો પુસ્તક ખરીદી મને મારા વીચારમાં પ્રોત્સાહીત રાખશો. કીમત રૂ ૦—૦—૦ મંગાવી ખાત્રી કરો.

જ્ઞાતીનો પાદપંકજ રજ,

પુરૂશોતમ ગોકળદાસ-મહેતા.

અમદાવાદ, સારંગપુર—લીમડાશેરી.